શિક્ષણનો બિઝનેસ ફૂલે-ફાલે છે

સ્કૂલ વર્ધીનાં વાહનોમાં ખાનગી વાહનોનો વધારો

તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં વધી રહેલા શિક્ષણના વ્યાપને પરિણામે વિદ્યાર્થીઓની સંખ્યા, સ્કૂલ્સની સંખ્યા અને ટ્યુશન ક્લાસીસ તથા હૉસ્ટેલ્સની સંખ્યા તો વધી જ છે, પરંતુ એની સાથે સાથે સ્કૂલ વર્ધીનાં વાહનોની સંખ્યા પણ ઉલ્લેખનીય રીતે વધી છે, વધી રહી છે.

સ્કૂલ વર્ધીનાં વાહનોની સંખ્યા સ્કૂલ્સની ને વિદ્યાર્થીઓની સંખ્યાની સાથે વધે તેમાં આશ્ચર્ય કશું નથી, પરંતુ સમસ્યા એ છે કે સ્કૂલ વર્ધી માટે ખાનગી વાહનોનો પણ ધૂમ ઉપયોગ થઈ રહ્યો છે. સ્કૂલ વર્ધીનાં વાહનોની સંખ્યા વધી છે તેમ આવું કામ કરતાં ખાનગી વાહનોની સંખ્યા પણ ખૂબ વધી છે. મોટી શાળાઓ વિદ્યાર્થીઓને સ્કૂલ બસની સગવડ પૂરી પાડે છે, પરંતુ સ્કૂલ બસની મર્યાદા છે. એ બધા વિસ્તારો સુધી પહોંચી શકતી નથી, બધા વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકતી નથી વગેરે. આ કારણે અનેક વાલીઓ વિદ્યાર્થીઓ માટે સ્કૂલ વર્ધી વાહનોનો ઉપયોગ કરે છે. પરંતુ, સગવડની મોકાણમાં આ વાહનમાં કેટલા વિદ્યાર્થીઓ ભરાય છે અને વાહન ખાનગી છે કે ટૅક્સી પાસીંગવાળું? એ બધી માથાકૂટમાં વાલીઓ પડતા નથી. આ કારણે સરવાળે ખાનગી વાહનોની સંખ્યા સ્કૂલ વર્ધીમાં વધી રહી છે.

આજે ૩૦૦ જેટલાં ખાનગી વાહનો આ કામમાં જોતરાયાં છે, જે પૈકી ૧૫૦ જેટલી તો મારૂતિ વાન જ છે! એ ઉપરાંત બસ અને રીક્ષાઓની સંખ્યા પણ ખરી જ.

વખતોવખત પોલીસ દ્વારા ખાનગી વાહનો ડિટેઈન કરાય છે, એમને દંડ કરાય છે અને એમને ટૅક્સી પાસીંગ લઈ લેવા માટે પણ દબાણ કરાય છે. પરંતુ, તેમ છતાં આવાં વાહનોની સંખ્યા આજેય ઘણી મોટી છે એ હકીકત છે ને એ કારણે સરકાર ટૅક્સની ઘણી રકમ ગૂમાવી રહી છે એ પણ હકીકત છે.

ઘર સુધી પહોંચ અને સ્કૂલ બસના પ્રમાણમાં ઓછા દર જેવાં આકર્ષણોને પરિણામે આવાં વાહનો નગરમાં ફૂલી-ફાલી રહ્યાં છે અને વિદ્યાર્થીઓને શાળાઓ સુધી પહોંચાડી રહ્યાં છે, ત્યારે વાલીઓએ આ બાબતે જાગ્રત બનવાની જરૂર છે. ખાનગી વાહનોમાં પોતાનાં બાળકોને નહીં મોકલવા માટે અને ટૅક્સી પાસીંગવાળાં વાહનોમાં પણ મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ હોય તો જ બાળકોને મોકલવા માટેનો નિર્ણય વાલીઓના જ હાથમાં છે, તેઓ જ આ બાબતે કંઈક કરી શકશે. અન્યથા થોડા રૂપિયા બચાવવાની લાલ્ચમાં માસૂમ બાળકોનાં સ્વાસ્થ્ય અને જાન સામે ખતરો ઊભો જ રહેશે.

AIEEEના આધારે અલગ-અલગ પ્રક્રિયા કરતી સંસ્થાઓની સંયુક્ત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે

અમદાવાદ, તા. ૧૨

ધો. ૧૨ પછીના ઈજનેરી વિવિધ પ્રવેશ પ્રક્રિયામાં ઓલ ઈન્ડીયા એન્ટ્રેન્સ ફોર એન્જીનીયરીંગ (AIEEE) ના આધારે ગુજરાતમાં આવેલી ચાર શૈક્ષણિક સંસ્થા પેટ્રોલીયમ યુનિવર્સિટી (PDPU) ગાંધીનગર, ધીરૂભાઈ અંબાણી ઈન્ફોર્મેશન ટેકનોલોજી (DAIICT) ગાંધીનગર, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (NIT) સુરત અલગ અલગ પ્રક્રિયા હાથ ધરેલ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ રાજયના હજારો વિદ્યાર્થીઓ માટે સરળ અને ઝડપી પ્રક્રિયા એક જ સાથે સીંગલવિન્ડોથી થાય તેવી માંગ કરતા જણાવ્યું હતું કે, AIEEE ના આધારે ગુજરાતમાં પ્રવેશ પ્રક્રિયા કરતી ચાર શૈક્ષણિક સંસ્થા ફોર્મ ફી પેટે રૂ. ૧૦ કરોડથી વધુ રકમ વિદ્યાર્થીઓ પાસેથી દર વર્ષે વસૂલ કરી રહી છે. સુપ્રીમ કોર્ટના આદેશ અન્વયે એકજ પરીક્ષા હેઠળ પ્રવેશ પ્રક્રિયા કરતી સંસ્થાઓ વિદ્યાર્થી-વાલીઓની સરળતા માટે સીંગ લવિન્ડો સિસ્ટમથી પ્રવેશ પ્રક્રિયા કરે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાની સહાય આ શૈક્ષણિક સંસ્થાઓને પ્રત્યેક અથવા પરોક્ષ રીતે આપવામાં આવી છે. આમ છતાં શૈક્ષણિક સંસ્થાઓ અતિ ઉંચી ફી વસૂલ કરી રહી છે.

સંસ્થાનું નામ	બેઠક સંખ્યા	ફોર્મ ફી	ફોર્મ વેચાણ	આવક
પેટ્રોલીયમ યુનિવર્સિટી (PDPU) ગાંધીનગર	*૪૨૦*	*૧૨૦૦*	*૨૫,૦૦૦*	*૩,૦૦,૦૦,૦૦૦*
ધીરૂભાઈ અંબાણી ઈન્ફોર્મેશન ટેકનોલોજી (DAIICT) ગાંધીનગર	*૨૪૦*	*૧૧૦૦*	*૩૦,૦૦૦*	*૩,૩૦,૦૦,૦૦૦*
નિરમા યુનિવર્સિટી, અમદાવાદ	*૬૦૦*	*૧૨૦૦*	*૨૫,૦૦૦*	*૩,૦૦,૦૦,૦૦૦*
નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (NIT) સુરત	*૪૮૦*	-	-	-

AIEEE ના આધારે અલગ-અલગ પ્રક્રિયા કરતી સંસ્થાઓની સંયુક્ત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવે જેનાથી વિદ્યાર્થી-વાલીઓનો સમય અને નાણાંનો વ્યય અટકે અને પ્રવેશ પ્રક્રિયા ઝડપી અને સરળ બને.

સરકાર દ્વારા કરોડો રૂપિયાની સહાય શૈક્ષણિક સંસ્થાઓને આપવામાં આવી હોવા છતાં શૈક્ષણિક સંસ્થાઓ અતિ ઉંચી ફી વસૂલ કરી રહી છે

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સન્માન સમારંભ યોજશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને વિવિધ સેકટરોના વસાહત મંડળોના સંયુક્ત ઉપક્રમે ધોરણ - ૮ થી ૧૨ના તેજસ્વી તારલાઓને તથા શહેરમાં ધોરણ ૧૦ અને ધોરણ-૧૨માં પ્રથમ-દ્વિતીય ક્રમે બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તથા વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર, શહેરમાં વિશિષ્ટ સેવાઓ આપનાર, સાહસિકો અને દેશ, રાજ્યમાં ઉંચુ સ્થાન પ્રાપ્ત કરનાર વ્યક્તિને મહાસંઘ દ્વારા ઈનામ આપી સન્માનીત કરવામાં આવશે.

માધ્યમિક શાળાના તેજસ્વી તારલાઓએ તથા વિશિષ્ટ સેવા કે સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોએ પ્રમુખ કેશરીસિંહ બિહોલાને મો. નં. ૯૯૭૪૫૨૫૬૨૮, મહામંત્રી પોપટલાલ પ્રજાપતિ મો. નં. ૯૮૨૫૪૫૩૪૮૫, ઉપપ્રમુખ કાનજીભાઈ પટેલ મો. નં. ૯૪૨૮૪૦૪૭૦૮, ડાહ્યાભાઈ પટેલ ટે. નં. ૨૩૨-૮૮૩૨૧ ઉપર તા. ૩૦મી જૂન-૨૦૧૨ સુધીમાં સંપર્ક કરી જરૂરી ગુણપત્રક કે પ્રમાણપત્રની નકલ પહોંચાડવી. વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્તકરનાર વ્યક્તિઓએ પોતાના સેક્ટરોના વસાહત મંડળના પ્રમુખ કે મંત્રી પાસે પોતાના નામ નોંધાવવા.

નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'સન્ડે સાયન્સ'નો અનોખો કાર્યક્રમ

વિદ્યાર્થીઓને દર રવિવારે વિવિધ વિજ્ઞાનને લગતા પ્રયોગો, ફિલ્મો, પુસ્તકો વગેરે દર્શાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં સેકટર-૨૩ ખાતે આવેલા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૭મી જૂન ૨૦૧૨ને રવિવારથી ધોરણ ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે 'સન્ડે સાયન્સ'નો અનોખો વિજ્ઞાનલક્ષી કાર્યક્રમ શરૂ થશે. આ વિજ્ઞાન વિષયક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને દર રવિવારે વિવિધ વિજ્ઞાનને લગતા પ્રયોગો, ફિલ્મો, પુસ્તકો દર્શાવવામાં આવશે અને ગોખણપટ્ટી દ્વારા નહીં પણ સમજણ કેળવી પ્રયોગાત્મક રીતે વિષયની સમજ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય તે પ્રકારની પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો માટે ગુજરાત સરકારે દરેક જિલ્લામાં સાયન્સ સેન્ટરો શરૂ કર્યા છે. નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર એ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર માન્ય ગાંધીનગર જિલ્લાનું, જિલ્લા કક્ષાનું સાયન્સ સેન્ટર છે. આ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રત્યે પ્રેરીત કરવા તથા સમાજમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રચાર કરવાનો છે.

છેલ્લા દસ વર્ષથી આ સંસ્થાનો અનેક બાળકોએ લાભ લીધો છે. આ સંસ્થાના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૨૦ જેટલા બાળકો નેશનલ લેવલે ચિલ્ડ્રન સાયન્ટીસ્ટનો એવોર્ડ મેળવવામાં સફળ થયા છે ત્યારે વધુમાં વધુ બાળકો નિસર્ગની પ્રવૃત્તિઓમાં જોડાઈને આ વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી શકે તેવા પ્રયત્નો આ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ઘણા વિદ્યાર્થી મિત્રો ને વિજ્ઞાન અને ગણિત જેવા સરળ વિષયો અઘરા લાગે છે. કારણ આપણી શિક્ષણ પધ્ધતિ. વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ગણિતને કવિતાની જેમ ગોખે છે. વિજ્ઞાન અને ગણિતમાં ગોખણપટ્ટી ન ચાલે, વિજ્ઞાન ને સમજવા પ્રયોગો કરવા જરુરી છે. ત્યારે બાળકોની બુધ્ધિના ખજાનાને વૈભવશાળી બનાવવા અનેક નવા કાર્યક્રમો તથા સાયન્સ લાયબ્રેરી, ૩૦૦ કરતા પણ વધારે સાયન્સની ઉપયોગી ફિલ્મોની સીડી લાયબ્રેરી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નવા સત્રથી શરૂ કરવામાં આવી છે. વિજ્ઞાન વિષયમાં આવતા ૪૦ જેટલા પ્રયોગો બાળકો કરશે. દર વર્ષે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનો સહર્ષ લાભ લે છે.

સન્ડે સાયન્સ કાર્યક્રમમાં રવિવારના દિવસે સવારે ૯ થી ૧૦ ધોરણ-૮, ૧૦ થી ૧૧ ધોરણ-૯, ૧૧ થી ૧૨ ધોરણ-૧૦, ૨ થી ૩ ધોરણ-૫, ૩ થી ૪ ધોરણ-૬ અને ૪ થી ૫ ધોરણ-૭ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર, સેકટર-૨૩, ગાંધીનગરનો સંપર્ક કરવો એમ અનિલભાઈ પટેલે જણાવ્યું છે.

સેકટર-૨૨ ખાતે શ્રી સંતરામ શિશુવાટિકા ભવન લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સેકટર-૨૨ સ્થિત વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત શિશુવાટિકા ભવનનું લોકાર્પણ દિનાંક : ૧૧-૦૬-૨૦૧૨ના રોજ સંપન્ન થયું.

સંતરામ મંદિર કરમસદના શ્રી મોરારીદાસ મહારાજના હસ્તે શિશુવાટિકાનું લોકાર્પણ થયું. અતિથિ વિશેષ તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના સલાહકાર અને શિક્ષણચિંતક જયોતિબહેન થાનકી ઉપસ્થિત હતાં. મુખ્ય વકતા અખિલ ભારતીય શિશુવાટિકા પ્રમુખ આશાબહેન થાનકી હતાં.

આ ત્રણેય મહાનુભાવોનો એક જ સૂર હતો કે આવતી પેઢી શ્રેષ્ઠ બનાવવી હોય તો બીજ અને માળી બંને શ્રેષ્ઠ હોવા જરૂરી છે. અને શ્રેષ્ઠતા ભારતીય જીવન મૂલ્યો અને ભારતીય જીવનદર્શનમાંથી જ મળશે. અને એના માટે શિક્ષણમાં આમુલાગ્ર ફેરફાર જરુરી છે.

લોકાર્પણના આ કાર્યક્રમમાં શિશુ વાટિકામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ, પ્રબુદ્ધ નગરજનો વિદ્યાભારતી કેન્દ્રના ટ્રસ્ટીઓ, સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

યુથ કેમ્પસ
- ધ્વનિલ પારેખ

શારીરિક વિશિષ્ટ વિદ્યાર્થીઓની કરમકહાણી

આમીર ખાનનો 'સત્યમેવ જયતે' કાર્યક્રમ અત્યારે જુદી રીતે લોકપ્રિય છે. સમાજની જુદી જુદી વ્યવસ્થા અને એની સામે રહેલા વિઘ્નો અને માણસોને પડતી મુશ્કેલી વિશે એ દર સપ્તાહે ચર્ચા કરે છે. (રખે કોઈ એમ માનતું કે આજે 'સત્યમેવ જયતે'ની પ્રશંસા કરવાનો ઉપક્રમ છે!) પણ ૧૦ જૂનના દિવસે શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓની સમસ્યા વિશે ચર્ચા હતી એ કાર્યક્રમના પૂર્વાર્ધમાં વિશિષ્ટ બાળકોને શિક્ષણ ક્ષેત્રે પડતી મુશ્કેલીઓ વિશે ચર્ચા કરાઈ હતી. આજે વિશિષ્ટ બાળકોના શિક્ષણ સંદર્ભે વાત કરવી છે.

વિશિષ્ટ વ્યક્તિ પ્રત્યેનું સમાજનું વલણ ચિંત્ય અને એમાંય વિશિષ્ટ બાળકો પ્રત્યે તો આપણે અછૂત જેવો જ વ્યવહાર રાખીએ છીએ. વિશિષ્ટ છે એટલે એ હંમેશા 'દયાપાત્ર' જ આખી જિંદગી રહે છે અને કેટલાક એવા હોય છે કે 'દયાપાત્ર' - વર્તુળ છોડીને પોતાનો અલગ મુકામ ઊભો કરતા હોય છે. એવો અલગ મુકામ ઊભો કરનારા કેટલાક લોકોને મુલાકાતો પણ રજૂ થઈ હતી. સામાન્ય રીતે આવાં બાળકોને સામાન્ય શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે ઘણો સંઘર્ષ કરવો પડે છે. એમને આસાનીથી પ્રવેશ મળતો નથી. આવા વિદ્યાર્થીઓના માતા-પિતાને પણ ધન્યવાદ આપવા ઘટે કે તેઓ પોતાના બાળકના વિકાસમાં આગળ પડતો ભાગ ભજવે છે.

પોતાનું બાળક વિશિષ્ટ છે એવું સૌ પ્રથમ તો જે તે કુટુંબના સભ્યોએ સ્વીકારવાનું હોય છે. એ લોકો સ્વીકારે પછી સમાજ સ્વીકારતો હોય છે. વિદ્યાર્થીને પોલિયો થયો હોય કે કોઈ કારણસર એણે દૃષ્ટિ ગૂમાવી હોય અને અંધત્વનો ભોગ બન્યો હોય તો એણે શિક્ષણ પ્રાપ્ત કરવા માટે વધારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બનવું આનાથી ઊલ્ટું જોઈએ. શાળાના આચાર્યો અને શિક્ષકો આવા વિદ્યાર્થીના વાલીઓને એમને 'સ્પેશિયલ સ્કૂલ'માં પ્રવેશ મેળવવાની સલાહ આપે છે. પોતાની શાળામાં પ્રવેશ ન આપી શકે એ માટે એવું કારણ આગળ કરવામાં આવે છે કે અન્ય વાલીઓ આ બાબતનો વિરોધ કરે છે. ટૂંકમાં, જે વલણ અપનાવવામાં આવે છે એ બિલકુલ માનવીય હોતું નથી.

આવા કેટલાયે કિસ્સાઓની સામે દિલ્હીની અમરજયોતિ સ્કૂલે એક જૂદું જ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સ્કૂલમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર વિશિષ્ટ અને સામાન્ય વિદ્યાર્થીઓ એક સાથે અભ્યાસ કરે છે. આ શાળાના સ્થાપકે ત્રીસ આ પ્રકારના વિદ્યાર્થીઓથી પોતાની સંસ્થા શરૂ કરી હતી. આ શાળાની એક નોંધપાત્ર બાબત એ હતી કે વિશિષ્ટ વિદ્યાર્થીઓ - પછી એ અંધ હોય કે પોલિયોનો શિકાર હોય - શાળામાં આરામથી ઉપરથી નીચે પોતાની રીતે ફરી શકે, શાળામાં અન્ય બાળકોની જેમ જ રમતગમતની પ્રવૃત્તિ પણ કરી શકે એ રીતે આખું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવ્યું છે. જો અમરજ્યોતિ શાળા આ પ્રકારનું કામ કરી શકતી હોય તો અન્ય શાળા શું કામ નહીં?

એક બાજુ રાઈટ ટુ એજ્યુકેશની જોરદાર ચર્ચા ચાલે છે અને બીજી બાજુ વિશિષ્ટ વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવે છે. કુદરતી કારણોસર કે અકસ્માતવશ વ્યક્તિ વિશિષ્ટ બને એમાં એનો શો દોષ? કેટલાય એવા વિદ્યાર્થીઓ પણ છે કે જેમને સામાન્ય શાળામાં પોતાની વિશિષ્ટતાને કારણે પ્રવેશ અનેક પ્રયત્નો પછી પણ નથી મળતો અને છેવટે એમણે શિક્ષણથી વંચિત રહેવું પડે છે. ખમતીધર કુટુંબનું વિશિષ્ટ બાળક ગમે તે રીતે શાળામાં મેળવી લે છે (જોકે એણે પણ પ્રવેશ મેળવવા માટે સંઘર્ષ તો કરવો જ પડે છે!) પણ ગરીબ વિદ્યાર્થીને એની અનેક પ્રકારની મર્યાદાઓને કારણે પ્રવેશ મળતો નથી અને એનો વિકાસ એની વિશિષ્ટતાને કારણે અટકી પડે છે!

આજે જ્યારે શિક્ષણ અનિવાર્ય મટી ગયું છે ત્યારે આ પ્રકારના વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ દૂર થવો જોઈએ. દરેક મુદ્દા માટે કાયદો અમલમાં આવે એવી અપેક્ષા રાખવી પણ વ્યર્થ છે. જ્યાં માનવીય ગુણોને સ્પર્શતી વાત હોય ત્યાં કાયદો અમલમાં શું કામ આવે? શાળાના સંચાલકો, આચાર્યો માણસ નથી કે શું? વિશિષ્ટ વિદ્યાર્થીને કે એના વાલીઓને જો પોતાનું બાળક સામાન્ય શાળામાં ભણે એની સામે વાંધો ન હોય તો આચાર્ય કે સંચાલકને શું કામ હોવો જોઈએ? સમાજમાં એવા ઘણા દાખલા જોવા મળશે કે વિશિષ્ટ વ્યક્તિની એક શક્તિ ક્ષીણ હોય છે ત્યારે કુદરતી રીતે જ એનામાં અન્ય શક્તિ વિકસિત થાય છે. એ છુપાયેલી શક્તિને ઓળખીને એને આગળ લાવવાનું કામ શિક્ષક-આચાર્યનું છે. 'ઍબિલિટી અનલિમિટેડ' કાર્યક્રમ જોનાર સહુ કોઈ આ વાત સ્વીકારશે કે વિશિષ્ટતા પોતે પણ એક શક્તિ બની શકે એમ છે, જો એની સાથે હૃદયસ્પર્શી વ્યવહાર કરવામાં આવે તો ...!

કલા એ સંસ્કૃતિને ઘડનારું મહત્ત્વનું પરિબળ છે

સંગીત દર્શન
- ડૉ. ગૌરાંગ ભાવસાર

॥ ભારતીય કલા ॥

કલામાં કંઈક અલૌકિક મધુરતા છે. કલા જ મનુષ્યના જીવનને જીવવાલાયક બનાવે છે. કલા વિનાનું જીવન અર્થહિન, આનંદરહિત અને બોજરૂપ છે. કલા અને જીવનનો સુભગ સંયોગ પૃથ્વી પર સંસ્કાર અને સંસ્કૃતિનું સ્વર્ગ ઉતારી શકે છે. કલા વિના સંસ્કૃતિનો છોડ પાંગરી શકે નહિ. કલા મનુષ્યની આશા, આકાંક્ષા, સંવેદનાઓ અને ભાવનાઓને વ્યક્ત કરે છે. કલાની સમજ દ્વારા આપણે એકબીજાના હૃદયની લાગણીઓ સમજી શકીએ છીએ, આપણી થનગનતી ઊર્મિઓને ઓળખી શકીએ છીએ. કલાની સાધના દ્વારા માનવી અલૌકિક ભાવનાત્મક આનંદ પ્રાપ્ત કરી શકે છે અને આ અલૌકિક આનંદનું બીજું નામ એટલે રસભાવ.

કલા એ સંસ્કૃતિને ઘડનારું મહત્ત્વનું પરિબળ છે. સંસ્કૃતિને સમૃદ્ધ બનાવવા માટે કલાનું જોડાણ અનિવાર્ય છે. કારણ કે કલાસાધના સંસ્કૃતિના વિકાસનો આધાર વિચાર છે અને વિચાર એ કલાનો પણ છે. માનવી વિચારશીલ પ્રાણી હોવાને નાતે આદિકાળથી આજ સુધી કલાનો ઉપાસક રહ્યો છે. માનવજીવન અને કલા એકમેકના પૂરક અંગ છે. કલા દ્વારા જ જીવન - સંસ્કૃતિનો ઓપ ધારણ કરે છે. માનવ જીવનને કલાનો સ્પર્શ ન મળ્યો હોત તો તેમાં અનેક વિકૃતિઓ પ્રવેશી હોત. જીવનને સુવાસમય બનાવવા માટે કલા સાધના આવશ્યક છે. દુનિયાની જે પ્રજાને કલાની ખેવના રાખી છે તેની સંસ્કૃતિએ ઊંચાં સોપાનો સર કર્યાં છે. કલામાં સિદ્ધિઓનાં મૂળ પડેલાં છે. પ્રજાની સિદ્ધિઓનો સમુદાય એટલે સંસ્કૃતિ. કલા સંસ્કૃતિના વારસાને સમૃદ્ધ બનાવે છે. માનવ શરીરમાં જે સ્થાન હૃદયની ધડકનનું છે તે જ સ્થાન સંસ્કૃતિમાં કલાનું છે.

કલાનો જન્મ ક્યારે, ક્યાં અને કઈ રીતે થયો તે કહેવું મુશ્કેલ છે. પરંતુ એવું અનુમાન કરી શકાય કે જ્યારે મનુષ્ય પોતાની જાતે સ્વતંત્ર રીતે વિચારવા લાગ્યો હશે ત્યારે કલાનો ઉદ્‌ભવ થયો હશે. બીજા અર્થમાં કહીએ તો બુદ્ધિ, હૃદય અને ક્રિયાની એકવાક્યતા થઈ અને જે સર્જન થયું તેને કલા કહેવામાં આવે છે.



આપણે સ્વાભાવિક રીતે એવા શબ્દો સાંભળીએ છીએ - કાવ્ય કલા, નાટ્ય કલા, વક્તૃત્વ કલા, સંગીત કલા, લેખન કલા વગેરે, તો વાસ્તવમાં આવી વિશેષ મહત્ત્વવાળી કલા શું છે?

કલા શબ્દ એ મૂળ સંસ્કૃત ભાષાના 'કલ્' ધાતુ પરથી બનેલો શબ્દ છે. જેનો અર્થ જ્ઞાન અથવા જાણવાની વસ્તુ એવો થાય છે. સામાન્ય રીતે કલા એટલે ચાતુર્ય અથવા ચાતુર્યથી કરવાનાં કામ એવો થઈ શકે. અંગ્રેજીમાં કલા શબ્દ 'Art' એ લેટિન 'Ars' શબ્દ પરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ પણ પામવું, મેળવવું, કેળવવું એવો થાય છે. સંસ્કૃતમાં પણ 'કલ્યતે વા જ્ઞાયતે ઇતિ કલા.' ટૂંકમાં કલા એટલે જેના દ્વારા આપણે કંઈક પામીએ છીએ કે મેળવીએ છીએ તે.

તેથી જ તો થિયોફિલ ગોટિયર કહે છે, 'બધી જ ચીજ નષ્ટ પામે છે, ફક્ત કલા જ જીવિત રહે છે. નગર વિધ્વંશ થઈ જાય છે પરંતુ મૂર્તિ નહિ.'

ઉપનિષદો કહે છે, 'વાસ્તવમાં ઈશ્વર એક કલાવિદ્ છે અને આ સૃષ્ટિ જ એક કલા છે.'

રવિન્દ્રનાથ ટાગોર : 'કલાનું ક્યારેય મૃત્યુ થતું નથી. કલા એ નિરંતર વિવિધ સ્વરૂપોમાં અખંડિત રહે છે. કલા એ લોક કલ્યાણની ભાવનાથી પરિપૂર્ણ થઈને માનવીની ચિરસંગીની કહેવી વધારે ઉચિત છે. માનવ હૃદયના ભાવોની અભિવ્યક્તિ જ કલા છે. સાથે જે સત્ છે, સુંદર છે તે જ કલા છે.'

ટૉલ્સટૉય : 'શબ્દ વિચારનાં વાહક છે, જ્યારે કલા ભાવનાની વાહિકા છે.'

કલાની વ્યાખ્યા માત્ર ચિત્રમાં, શિલ્પમાં, શોભામાં કે ઝવેરાતમાં બાંધી રાખેલ નથી. એ તો એક એવા પ્રકારની માનવ વૃત્તિ છે કે જે દરેકમાં હોય છે. તેને વિકસાવી શકાય છે. ખરેખર તો જીવનના પ્રત્યેક પ્રસંગમાં તેનો વ્યવહાર થાય છે. વ્યક્તિ અને સમાજના જીવનમાં કલા અનાદિકાળથી મહાન પ્રેરક બળબની રહી છે.

કહી શકાય કે કલાનું ઉદ્‌ગમ સૌંદર્યની મૂળભૂત પ્રેરણાથી થયું. પ્રકૃતિનાં રમણીય દૃશ્યો માનવ મનને આનંદથી ભરી દે છે. આવાં દૃશ્યો પોતે નિર્માણ કરે તેવી ઇચ્છા માનવના મનમાં જાગૃત થઈ અને રચનાત્મક શિલ્પ તથા કૌશલ્યનો જન્મ થયો. અતઃ એવું કહેવાય છે કે 'જ્યારે અદૃશ્ય, અવ્યક્ત અને આધ્યાત્મિક અનુભૂતિઓને દૃશ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવે ત્યારે તેને કલા કહે છે.' કલાના નિર્માણમાં કલાકારને એક વિશિષ્ટ આનંદ, આત્મશાંતિની ઉપલબ્ધિ થાય છે. આ જ 'આનંદ દાન' કલાનો ઉદ્દેશ છે.

મહાન ચિંતક હેગલ કહે છે, 'કલા એટલે સર્જકની શોધ દ્વારા કુદરતનો થયેલો પુનઃ જન્મ.'

અને તેથી જ કોઈ પણ દેશની કલાએ તે દેશના સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. (ક્રમશઃ)